જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૧/૦૫/૨૦૧૬ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ- સમાચાર યાદી નં.૯૩૭/૧૬

**દેશી તમંચો નંગ-૧ તથા મોટા કાર્ટીઝ નંગ-૪ સાથે એક ઇસમને ઝડપી પાડતી અમદાવાદશહેર ક્રાઇમ બ્રાન્ચ,**

અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચના સંયુકત પોલીસ કમિશ્નર શ્રી, તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી, તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી નાઓએ નાઓએ અમદાવાદ શહેર વિસ્તારમાં ગેર કાયદેસર હથિયારો રાખી લુટ, ધાડ, ખુનનાં ગુન્હાઓ બનતાં હોય જે ગુન્હાઓ શોધી કાઢવા તથા ગુન્હા બનતાં અટકાવવા સારૂ તેમજ નાસતા ફરતાં આરોપીઓને શોધી કાઢવા સારૂ ક્રાઇમ બ્રાંચના અધિકારીઓને સુચના આપેલ. જે અનુસધાને ક્રાઇમ બ્રાંચના પોલીસ સબ ઇન્સ્પેકટર શ્રી આર.આઇ. જાડેજા તથા પો.સ.ઇન્સ.શ્રી એસ.એન.દેસાઇ તથા બીજા સ્ટાફનાં માણસો સાથે અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીગમાં હતાં. તે દરમ્યાન મળેલ બાતમી હકિકત આધારે શાહપુર રાહત ચાર રસ્તા ઉપરથી આરોપી લાલુ અન્સારી રહે.ગામ ભટી ચિરોલી, જી.સુલતાનપુરા ઉતરપ્રદેશ નાને તા.૨૦/૦૫/૨૦૧૬ ના રોજ પકડી અટક કરી, તેની પાસેથી દેશી હાથ બનાવટનો દેશી તમંચો નંગઃ-૧ તથા મોટા કાર્ટીઝ નંગ-૪ સાથે મળી આવતાં તપાસ અર્થે કબજે કરવામાં આવેલ છે.

સદરી પકડાયેલ આરોપીની પુછપરછ કરતા અમદાવાદમા જન્મથી રહે છે. અને ઘરે બેઠા સિલાઇ કામ કરે છે. અને અગાઉ એકાદ મહિના પહેલા સુરત રેલ્વે પોલીસ સ્ટેશન મા મોબાઇલ ચોરી ના કેસમા તથા ચારેક વર્ષ પહેલા ગોમતીપુર પોલીસ સ્ટેશનમા મારામારી ના કેસ મા પકડાયેલ છે અને મળી આવેલ હથિયારો પોતાને મહોલા મા રહેતા અલ્તાફ નામના માણસ સાથે અદાવત હોય તેને ડરાવવા માટે એક વર્ષ પહેલા પોતાના વતન ગામઃ ભટી ચિરોલી તા.જી. સુલતાનપુર ઉતરપ્રદેશ મા રહેતા લાલુ અન્સારી નામના માણસ પાસેથી લાવેલ અને પોતાના પાસે રાખી મુકેલ અને પોતાની પાસે રાખી લઇ આવતા ગોમતીપુર સિલ્વર મીલ ત્રણ રસ્તા પાસેથી પકડી પાડેલ છે. અને આવા બીજા કેટ્લા હથીયાર છે કે કેમ તથા બીજા કેટલા આવા ગુન્હા કરેલ છે. તે બાબતે ક્રાઇમ બ્રાન્ચ તપાસ ચલાવી રહેલ છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)